હોળી દહન માટે ૧૬ અને ૧૭મીએ લાકડાનુ વેચાણ કરાશે

વનતંત્રના સે-૧૭ સ્થિત સેલ ડેપો પરથી પ્રતિ ૨૦ કીલો રૂ ૪૦ના ભાવે લાકડાનુ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૧૩

હોળી ધુળેટીનુ પર્વ નજીકમાં છે. અલબત્ત હોળીના પર્વના આડે હવે માંડ ચાર પાંચ દિવસનો સમય આડો રહ્યો છે. ગાંધીનગરમાં પણ સેકટરે સેકટરે હોળીદહનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આમ નાગરિકોની શ્રધ્ધા સાથે જોડાયેલા આ પર્વને અનુલક્ષી સેકટરોમાં અનેક ઠેકાણે કોમન પ્લોટમાં હોળી દહનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જયારે હોળીદહન માટે નાગરિકોને સરળતાથી લાકડાનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે વનતંત્ર દ્વારા આગામી તા ૧૬ અને ૧૭ માર્ચના રોજ સે-૧૭ સ્થિત ડેપોથી લાકડાનુ વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગરમાં પ્રત્યેક તહેવારોની સાથે હોળીના પર્વની પણ વિશેષ ઉજવણી કરવામાં આવે છે. જયારે હોળી ધુળેટીનુ પર્વ નજીકમાં છે. ત્યારે ગાંધીનગરના સેકટરોમાં પણ હોળીદહનના કાર્યક્રમની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ વર્ષે હોળી ધુલેટીના પર્વ ટાંણે કોવિડનુ સંક્રમણ પણ નહીંવત હોવાથી નગરજનો પણ મુક્તમને પર્વની ઉજવણી કરવાના મુડમાં છે. જયારે ધુળેટીના પર્વને અનુલક્ષી વિવિધ ઠેકાણે વોટર પાર્ક તેમજ પાર્ટી પ્લોટસમાં પણ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ સેકટરોમાં હોળી દહનના કાર્યક્રમને અનુલક્ષીને પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે વનતંત્ર દ્વારા પણ હોળીદહન માટે સેકટરોમાં સ્થિત વિવિધ સોસાયટીના આયોજકોને હોળીદહન માટે સરળતાથી

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક મળશે

સ્વભંડોળની આવકમાં જબરજસ્ત ઘટાડો અને પંચાયતના દેવામાં વધારો થવાના સ્પષ્ટ સંકેતો : વિપક્ષ પણ બજેટને લઈ આકમક મૂડમાં : નવી બાબતો ઓછી આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૨-૨૩ના બજેટને લઈ આજે ખાસ સામાન્ય સભા યોજવામાં આવી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ દ્વારા આ ખાસ સામાન્ય સભામાં બીજીવાર બજેટ રજુ કરશે. બપોરે ૨ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળનારી આ બેઠકને લઈ તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

જિલ્લા પંચાયતની સ્વભંડોળની આવકમાં થયેલા નોંધપાત્ર ઘટાડાની સીધી અસરો આ બજેટમાં જોવા મળશે એટલુ જ નહિ પંચાયતના દેવામાં પઝ નોંધપાત્ર વધારો થવાની ભીતિ છે.

આવકના નવા સ્ત્રોત ઉભા કરવામાં ચૂંટાયેલી પાંખે અને તંત્રએ કોઈ ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાનું જણાયુ નથી. જોકે તંત્ર દ્વારા ખર્ચમાં કરકસરની નીતિનો અમલ કરી અને મરામત-જાળવણી નિભાવણી પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. નવી બાબતો અને સ્વભંડોળમાંથી હાથ ધરવાના કામોની સંખ્યા અને ફાળવણીમાં ઘટાડો થવાના સંકેત મળી રહ્યા છે.

જિલ્લા પંચાયત અને રાજ્ય સરકારમાં એક જ પક્ષ સત્તાધારી પક્ષ હોવા છતાં જુના અને નાદુરસ્ત થયેલ પંચાયતના નવા મકાનની સમસ્યાના ઉકેલ માટે અસરકારક રજુઆત કરવામાં ભાજપની જિલ્લા નેતાગારી ઉણી ઉતરી છે. બીજી તરફ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે આ મુદ્દે ચાલી રહેલી ઠંડી લડાઈ પણ જવાબદાર મનાઈ રહેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી સામાન્ય સભામાં મનરેગાનું લેબર બજેટ પણ રજુ થવાનું છે. છેલ્લા બે વર્ષથી તાલુકાકક્ષાએ મંજૂર થાય તે પહેલાં બજેટ જિલ્લાકક્ષાએ રજુ કરવાનો સિલસિલો ચાલુ થયો છે જે પરંપરા વિરૂદ્ધનો છે.

આજની આ બેઠક તોફાની બનસે તેવા સંકેતો મળી રહ્યા છે. કોંગ્રેસ પક્ષ આ વખતે પણ ખાસ સામાન્ય સભા બોલાવી હોવા છતાં સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની એક પણ તક જતી નહિ કરે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયત ભાજપ પક્ષમાં પણ આંતરિક જૂથબંધી તીવ્ર બની છે. ચૂંટાયેલી પાંખ તેમના વિસ્તાર વિકાસની ગ્રાન્ટના કામો જે રીતે અટક્યા છે તેને લઈ સખ્ત નારાજ છે. ગત બેઠકમાં નારાજગી છતી થઈ હતી અને પ્રમુખ-ડી.ડી.ઓ.ની ગ્રાન્ટ પરત ખેંચવાનો નિર્ણય સામાન્ય સભાએ કર્યો હતો જે નોંધનીય છે.

જાંબલી અને ગુલાબી ફૂલનુ અદ્‌ભૂત સંગમ... નગરના છ-રોડ જેને પોલીસભવન રોડ તરીકે ઓળખાય છે તે આખેઆખો માર્ગ આજકાલ અદ્‌ભૂત દૃશ્યો સર્જી રહ્યો છે. આ સમગ્ર માર્ગ પર રંગબેરંગી બોગનવેલ હારબંધ ઉછેરવામાં આવી છે. આ બોગનવેલ ખુબ ખીલી છે. આકર્ષિક રંગો આંખને ઠારી રહ્યા છે. હાલમાં ખીલેલા જાંબલી રંગના ફૂલોવાળા વૃક્ષની જ ટોચે પહોંચેલી બોગનવેલના ગુલાબી ફૂલો જાંબલી રંગના ફૂલો સાથે સંગમ રચી અનોખુ દૃશ્ય ખડુ કરે છે. વળી આવા દૃશ્યો માત્ર હાલમાં એકાદ મહિના પુરતા જ જોવા મળતા હોવાથી આ દૃશ્યને માણવાનું ચૂકવા જેવુ નથી...

શહેરમાં કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં સતત ત્રીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

કોરોનાની ત્રીજી લ્હેર તેના અંતિમ ચરણમાં છે. જોકે શહેરમાં છુટાછવાયા કેસો મળી રહ્યા છે. શહેરમાં મળતા કેસોમાં પણ ગાંધીનગર બહાર જઈ આવવાની હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ વધુ મળ્યા છે. શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામમાં આજે ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૧૨થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

કલોલમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૨૯ કેસ અને બે લિકેજીસ મળી આવ્યા

કલોલ-માણસા બ્રીજને લઈ ગટરલાઈન ડિસ્ટર્બ થઈ હોવાથી તેના અપગ્રેડેશનની કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૩

કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાના આજે વધુ ૨૯ કેસ નોંધાયા છે. જોકે ન.પા.ના તંત્રને વધુ બે લિકેજીસ મળી આવતાં તેને રિપેર કરવાની કામગીરી કરી દેવામાં આવી છે.

૬ માર્ચથી શરૂ થયેલા પાણીજન્ય રોગચાળામાં અત્યાર સુધીમાં ૫૫૦થી વધુ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળામાં ૨૦૦ થી વધુ મહિલાઓ અને ૧૦૦થી વધુ બાળકો અસરગ્રસ્ત થતાં તંત્ર ચિંતાતુર બન્યુ હતુ.

ન.પા.ના તંત્રએ આજે ગટરલાઈનો જે માણસા રોડ તરફની વારંવાર ચોક-અપ થઈ જતી હતી તેને લઈ પણ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. કલોલમાં વારંવાર થતા પાણીજન્ય રોગચાળાને નાથવા તેમજ જુની અને જર્જરિત થયેલ પાણીની પાઈપલાઈનના નેટવર્કને બદલવા માટે રજુ કરેલી દરખાસ્તને લઈ રાજકીય દબાણ ઉભુ કરવાની દિશામાં પણ રાજકીય આગેવાનોએ બેઠકો આરંભી દીધી છે.

કલોલ શહેરમાં ૬૮થી વધુ સોસાયટીઓ અસરગ્રસ્ત થઈ છે. આજે પણ ત્યાં પેયજળનો પુરવઠો ટેન્કરથી આપવામાં આવી રહ્યો છે. આજે રજાનો દિવસ હોવા છતાં આરોગ્ય અને ન.પા.ના તંત્રએ તેમની કચેરીઓ કાર્યરત રાખી કામગીરી આગળ ધપાવી હતી.

કલોલમાં આરોગ્યતંત્ર દ્વારા સઘન સર્વેલન્સ શરૂ કરી દેવામાં આવ્યુ છે. તંત્રએ પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. કેસોની સંખ્યામાં શરૂ થયેલો ડાઉન ટ્રેન્ડ સારી નિશાની હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ન.પા. દ્વારા પાણીના લીકેજીસ દૂર કરવાને લઈ તેમજ વારંવાર ચોક-અપ થતી ગટરલાઈનના અપગ્રેડેશન સહિતની કામગીરીને વેગીલી બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલથી માણસા તરફ જવાનો બ્રિજ જે ૧૯૯૯માં બન્યો હતો. એ બ્રિજના નિર્માણ સમયે ગટરલાઈન ડિસ્ટર્બ થતાં વારંવાર રેલવે પૂર્વમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી થઈ રહી છે. ન.પા. દ્વારા આ પ્રોબ્લેમના નિરાકરણ માટે ગટરલાઈનના અપગ્રેડેશનનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઓનલાઈન શિક્ષણના અંતે અતડાપણાનો શિકાર બનેલા વિદ્યાર્થીઓમાં પ્રેમ અને ભાઈચારો કેળવાય તે અનિવાર્ય : ઉમંગ વસાણી

ઓનલાઇન શિક્ષણના લાંબા સમય બાદ વિદ્યાર્થીઓને ઘરના મોબાઇલ સ્ક્રીન થી શાળાના બ્લેકબોર્ડ સુધી લાવવાનુ કામ ચેલેન્જીંગ : શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થઇ ગયુ છે ત્યારે કોરોના કાળમાં ઘરના એકાંતમાં રહેલા કુમળા માનસ પર અનેક પ્રકારની વિપરિત અસરો જોવા મળી રહી છે : વિદ્યાર્થીઓમાં પ્રેમ , ભાઇચારો , સમાનતા , સમજણ સહીતના જીવન મુલ્યોનુ જતન થાય તે દિશામાં સે-૨૩ સ્વામિરાયણ ગુરુકુલ શાળાએ પ્રયાસ હાથ ધર્યા છે : ઉમંગ વસાણી

ગાંધીનગર તા ૧૩

કોરોનાના કપરા સમયમાં છેલ્લા બે વર્ષથી લોકડાઉન અને સોશિયલ ડીસ્ટન્સીંગ જેવા શબ્દો સાંભળીને ઘરના એકાંતમાં મોબાઇલ મેનિયાક થઇ ગયેલા વિદ્યાર્થીઓને હવે ફરીથી શિક્ષણના રથ પર સવાર કરવાનુ કામ થોડુ મુશ્કેલ બન્યુ છે. વિદ્યાર્થીઓમાં કોરોના કાળના આ સમયગાળાની વિપરિત અસરો જોવા મળી રહી છે. હાલ શાળાઓમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતી થઇ છે ત્યારે પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓમાં જક્કીવલણ સાથે અતડાપણુ જોવા મળે છે. વિદ્યાર્થીઓ વાતે વાતે ચિડાઇ જાય છે. વિદ્યાર્થીઓને આ મનોદશામાંથી ઉગારવા માટે સે-૨૩ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ શાળાએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. શાળા સંચાલકો અને શિક્ષકો વાલીઓની મદદથી આ દીશામાં અસરકારક પ્રયાસો હાથ ધર્યા છે. જેના લીધે વિદ્યાર્થીઓમાં ધીમે ધીમે પારિવારિક માહોલ ઉભો થતો જોવા મળે છે તેમ સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાના ડાયરેકટર ઉમંગ વસાણીએ જણાંવ્યુ છે.

કોરોનાના કહેર વચ્ચે કપરા સંજોગોથી ઘેરાયેલા માસુમ ભુલકાઓમાં ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે. જયારે હવે કોરોનાનુ સંક્રમણ નહીંવત છે ત્યારે શાળાઓમાં પણ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરી દેવાયુ છે. આ સ્થિતિ વચ્ચે બે વર્ષના લાંબા સયમગાળા દરમિયાન લોકડાઉન અને સોશિયલ ડીસ્ટન્સીંગના યુગમાં માત્ર પરિવાર વચ્ચે રૂમમાં કેદ થઈને સમય પસાર કરતા વિદ્યાર્થીઓમાં અનેક આડઅસરો જોવા મળી રહી છે. શાળાઓમાં શિક્ષણ કાર્ય ધમધમતુ થઇ ગયુ છે. ત્યારે એકાંતમાં રહીને અતડાપણુ અનુભવતા વિદ્યાર્થીઓને શિક્ષણરથ પર સવાર કરવાનુ કામ ચેલેન્જીંગ બન્યુ છે. સ્વામિનારાયણ ગુરુકુલના ડાયરેકટર ઉમંગ વસાણીએ આ બાબતને વધુ ગંભીરતાથી લઇ વિદ્યાર્થીઓ શાળામાં પ્રેમ અને ભાઇચારો અનુભવે તે દીશામાં પ્રયાસ હાથ ધર્યો છે. કોરોનાના કપરા કાળમાં બે વર્ષ સુધી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ રહેતા વિદ્યાર્થીઓ પોતાના ઘરે ઓનલાઇન શિક્ષણના સહારે હતા જયારે હવે કોરોનાનો કહેર નહીંવત રહેતા હાલ શાળાઓના વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે.

શાળાઓ લાંબા સમય બાદ વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજતી થઇ છે. જેના લીધે શૈક્ષણિક સંકુલમાં નવુ ચેતન પુરાયુ છે. આ સ્થિતિ વચ્ચે હાલ શાળા સંચાલકો તેમજ શિક્ષકો વિદ્યાર્થીઓમાં અનોખો બદલાવ જોઇ રહ્યા છે. ખાસ કરીને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો - ૧ થી ૮ ના વિદ્યાર્થીઓમાં કોરોના કાળની વિશેષ અસર જોવા મળી રહી છે. કોરોનાના સંક્રમણથી ડીસ્ટન્સ રાખવાના અભિગમની અસર વિદ્યાર્થીઓ પર વિપરિત સ્વરૂપે જોવા મળી રહી હોવાનુ પણ સ્પષ્ટ થઇ રહ્યુ છે. વિદ્યાર્થીઓએ લાંબા સમય સુધી મોબાઇલના આધારે પોતાના ઘરે ઓનસ્ક્રીન શિક્ષણ લીધુ છે. જયારે હવે તેમને સ્ક્રીનથી વર્ગ ખંડના બ્લેકબોર્ડ સુધી લઇ આવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. લાંબા અરસા બાદ શાળાના પગથિયા ચઢતા વિદ્યાર્થીઓમાં નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે જેમાં પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓમાં ચિડીયાપણું, જક્કીવલણ, અને ગુસ્સો વધી ગયો છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ભળી જવામાં અતડાપણુ અનુભવે છે. કોરોનાના કપરા સમયમાં આખી દુનિયા લોકડાઉન તેમજ ક્વોરન્ટાઇન જેવી સ્થિતિ વચ્ચે પ્રભાવિત હતી ત્યારે કુમળુ માનસ ધરાવતા બાળકોમાં પણ આવા સંજોગામાં વિપરિત અસર ઉભી થવા પામી છે. સોશિયલ ડીસ્ટન્સથી મુઝાયેલા બાળકોને આ મનોદશામાંથી ઉગારવાની મથામણ ચાલી રહી છે. વિદ્યાર્થીઓમાં સમાનતાના અભિગમની સાથે સમજણ આવે જીવન મુલ્યો અને જીવન રક્ષણ સહીતની બાબતો સાથે રાષ્ટ્રભાવના અને પ્રેમભાવનાનો અભિગમ વધુ મજબુત રીતે કેળવાય તે દીશામાં પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વાલીઓ અને શિક્ષકોના પ્રયત્નથી શાળાએ આવતા વિદ્યાર્થીઓમાં પારિવારિક ભાવના કેળવાય તે માટે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય પ્રયત્નશીલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઇપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com